Veer Narmad
South Gujarat University, Surat
Re-accredited by NAAC with 'B++' grade
सत्यम् ज्ञानम् अनन्तम्

ઈ–દક્ષિણાયન
Dakshinayan e-Newsletter
For Private Circulation Only



Vol. 16, Issue. 273, May 2025

**પ્રિય વાચક મિત્રો,**

પ્રવર્તમાન વૈશ્વિક પૃષ્ઠભૂમિ અને નવીન આંતરરાષ્ટ્રીય રાજકીય–આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કાર્યભારમાં આવ્યા બાદ 'America First' નીતિ અંતર્ગત વૈશ્વિક વેપાર વ્યવસ્થામાં મોટાપાયે પરિવર્તન શરૂ કર્યું. ૨૦૨૫ના પ્રારંભમાં 'ફેર એન્ડ રિસિપ્રોકલ પ્લાન' હેઠળ તેમણે વિવિધ દેશો પર આયાત શુલ્ક (Tariff) લાદવાની જાહેરાત કરી, જેમાં ભારત પણ સામેલ હતું. ભારતીય નિકાસ ઉત્પાદનો પર ૧૦% થી ૨૫% સુધીના વપરાશના શુલ્ક લાગુ કરાયા. ટ્રમ્પે ખાસ કરીને વિકસતા અર્થતંત્રો – ચીન અને ભારતને નિશાન બનાવીને ટેરિફ નીતિને આક્રમક રીતે અમલમાં મૂકી. તેમનો હેતુ અમેરિકન ઉદ્યોગોને સુરક્ષા આપવાનો હતો, પરંતુ આ પગલાંની વૈશ્વિક અસરો નોંધપાત્ર રહી, જેમાં ભારત પર પડનાર અસરો પણ સમાવિષ્ટ છે, ખાસ કરીને ઓટોમોબાઈલ, ટેક્સટાઈલ, ફાર્માસ્યુટિકલ્સ અને રત્ન–આભૂષણ ક્ષેત્રો પર.

આવા પરિપ્રેક્ષ્યમાં પણ ભારતનું અર્થતંત્ર વ્યાપક રીતે મજબૂત અને સ્થિર છે. તાજેતરના એક વૈશ્વિક અહેવાલ મુજબ ૨૦૨૫ના પ્રથમ ત્રિમાસિકમાં ભારતે ૭.૨% જેટલો કુલ ઘરેલું ઉત્પાદનમાં (GDP) વૃદ્ધિ દર નોંધાવ્યો છે, જે વિશ્વના મોટાભાગના વિકસિત અને વિકસતા દેશોની તુલનામાં શ્રેષ્ઠ છે. દેશની મજબૂત ઘરેલું માંગ, આરોગ્યપ્રદ નાણાકીય વ્યવસ્થાપન અને વિસ્તૃત ક્ષેત્રગત વિકાસના આધારે આ વૃદ્ધિ શક્ય બની છે. કૃષિ, ઔદ્યોગિક ઉત્પાદન અને સેવા ક્ષેત્રની વિવિધતા દેશને આર્થિક રીતે સ્થિર રાખે છે. ભારતની નીતિગત નક્કરતા અને રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા તથા નાણાં મંત્રાલય દ્વારા અમલમાં મૂકાતી મોંઘવારી નિયંત્રણ નીતિઓ પણ અર્થતંત્રને વધુ સક્રિય બનાવે છે. વળી, ૨૦૨૪ના લોકસભા ચૂંટણી પછી સ્થિર સરકારના પુનઃસ્થાપનના કારણે આંતરરાષ્ટ્રીય રોકાણકારો માટે ભારત વધુ વિશ્વસનીય સ્થિતિસ્થાન બની રહ્યું છે.

આર્થિક નીતિઓના પ્રત્યક્ષ લાભો પણ સ્પષ્ટપણે દેખાઈ રહ્યા છે. 'મેક ઇન ઇન્ડિયા' અભિયાન હેઠળ ઘનિષ્ઠ દેશી ઉત્પાદન વધારવા માટે દેશી તથા વિદેશી રોકાણકારો આકર્ષવા વિવિધ પગલાં લેવામાં આવ્યાં છે. 'ઉત્પાદન લિંક્ડ ઇન્સેન્ટિવ (PLI) યોજના હેઠળ ૧૩ ક્ષેત્રોમાં રૂ. ૧.૯૭ લાખ કરોડથી વધુ પ્રોત્સાહન પેકેજ ફાળવવામાં આવ્યો છે. 'PM ગતિ શકિત' યોજના દ્વારા દેશભરના ઔદ્યોગિક ઝોનને મલ્ટીમોડલ કનેક્ટિવિટીથી જોડવાના પ્રયત્નો કરવામાં આવી રહી છે, જેમાં લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડીને નિકાસક્ષમતા વધારવાનો લક્ષ્ય છે. 'સાગરમાલા' અને 'ભારતમાલા' યોજના હેઠળ રાષ્ટ્રીય માલવહનને મજબૂત બનાવી વૈશ્વિક વેપાર માટે પોર્ટ આધારિત ઇકોસિસ્ટમ વિકસાવવામાં આવી રહ્યો છે.

ટ્રમ્પની ટેરિફ નીતિના સંદર્ભે ભારત પર પડેલ કેટલીક ખાસ અસર પણ નોંધપાત્ર છે. (૧) નિકાસ પર સીધી અસર થવા પામી, ખાસ કરીને એલ્યુમિનિયમ અને સ્ટીલ જેવા ઉત્પાદનો પર ટેરિફ લાગવાથી નિકાસ મોંઘી પડી અને સ્પર્ધાક્ષમતા ઘટી. (૨) GSP ( Generalized System of Preferences) દૂર થવાથી નાના અને મધ્યમ ઉદ્યોગોને નિકસ ખર્ચ વધીને તકલીફ પડી. (૩) પરિણામે ભારતે આફ્રિકા, ASEAN, લેટિન અમેરિકી અને યુરોપિયન દેશો જેવા વૈકલ્પિક બજાર શોધવાનું શરૂ કર્યું. (૪) આ નીતિની પ્રેરણાથી ભારતે 'આત્મનિર્ભર ભારત' અભિયાન દ્વારા આંતરિક ઉદ્યોગોને વધુ પ્રોત્સાહન આપવાનું શરૂ કર્યું. (૫) હવે ભારતના ટેકસેવી ક્ષેત્ર, ખાસ કરીને IT અને ડિજિટલ સર્વિસિસ પર આવા ટેરિફની અસર ઓછા પાયે રહે છે, કારણકે આ સેવાઓ નોન–ટેરિફ વર્ગમાં આવે છે અને વૈશ્વિક ડિમાન્ડ વધતી જાય છે.

આગામી દિશામાં ભારત માટે કેટલીક વ્યૂહાત્મક કટોકટી અનિવાર્ય બને છે. વ્યાપાર હિતમાં દ્વિપક્ષીય કરારો જેમ કે ભારત–યુરોપ (EU-India FTA), ભારત– UK(FTA), ભારત–ઓસ્ટ્રેલિયા (ECTA), જેવા સંજ્ઞાપત્રોને ઝડપથી અંતિમરૂપ આપવું આવશ્યક બન્યું છે. નવાં ક્ષેત્રો જેમ કે AI, Semiconductor, Clean EnergyM Quantum Computing વગેરેમાં સ્થાનિક ઉત્પાદન ક્ષમતા વિકસાવવી પડશે જેથી વૈશ્વિક ટેરિફ નીતિઓ સામે ભારત પોતાનું પાયાનું રક્ષણ કરી શકે. 'એક જિલ્લા એક ઉત્પાદન' (ODOP), 'ડિજીટલ ઇન્ડિયા' અને 'મિડ –કેપ ઇન્ડસ્ટ્રિયલ પોલિસી' જેવા પગલાં પણ સ્થાનિક વિકાસ માટે મહત્ત્વપૂર્ણ સાબિત થઈ રહ્યા છે.

ટ્રમ્પની ટેરિફ નીતિના તાત્કાલિક અને મધ્યમગાળાના કેટલાક વિફળ પરિણામો છતાં ભારતે તેને એક અવસર તરીકે ઉપયોગમાં લેવાનું શીખી લીધું છે. મજબૂત નાણાકીય માળખું, વ્યાપક નીતિગત અભિગમ, આંતરરાષ્ટ્રીય વેપાર સંબંધોનો વિસ્તાર અને સ્થાનિક ક્ષેત્રોમાં ઊંડાણપૂર્વકનું વ્યૂહાત્મક આયોજન ભારતને આત્મનિર્ભર અને વૈશ્વિક નેતૃત્વ માટે તૈયાર કરી રહ્યું છે. આજે ભારત માત્ર વૈશ્વિક સપ્લાય ચેઈનનો ભાગ નથી, પણ તેના માટે શ્રેષ્ઠ વિકલ્પ બની રહ્યું છે. યથાર્થમાં ટ્રમ્પની ટેરિફ નીતિ ભારત માટે પડકારરૂપ હતી, પરંતુ આજનું ભારત આ પડકારોને અવસરમાં ફેરવવા માટે સર્વતરે તૈયાર છે.

**તા. ૧ જૂન, ૨૦૨૫**

**(ડૉ. કિશોરસિંહ એન. ચાવડા)**
**કુલપતિશ્રી**

## વિશ્વવિદ્યાલય સમાચાર

### વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ૬૦માં સ્થાપના દિનની ભવ્ય ઉજવણી

તા. ૨૩/૦૫/૨૦૨૫ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ૬૦માં સ્થાપના દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા પરીક્ષા નિયામકશ્રી એ.વી.ધડૂક દ્વારા વિવિધ વિદ્યાશાખાના કાર્યરત અને પૂર્વ ડીનશ્રીઓ, પૂર્વ કુલપતિશ્રીઓ, કાર્યરત બોર્ડ ઓફ મૅનેજમેન્ટ, એક્ઝિક્યુટિવ કાઉન્સિલ અને એકેડેમિક કાઉન્સિલના સભ્યશ્રીઓ, પૂર્વ સિન્ડિકેટ અને એકેડેમિક કાઉન્સિલના સભ્યશ્રીઓ, દૈનિકપત્રોના એડિટરશ્રીઓ/રિપોર્ટરશ્રીઓ, વિશ્વવિદ્યાલય સંલગ્ન કૉલેજ મૅનેજમેન્ટના અધિકૃત હોદ્દેદારશ્રીઓ, વિવિધ ક્ષેત્રના નિષ્ણાંત Alumni/Alumnae, વિશ્વવિદ્યાલયના નિવૃત્ત કર્મચારીશ્રીઓ, કાર્યરત કર્મચારીશ્રીઓ (૧૫ વર્ષથી વધુ સેવા સાથે), સ્પોર્ટ્સમાં વિશેષ સિદ્ધિ મેળવેલ વિદ્યાર્થીઓ, સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિશેષ સિદ્ધિ મેળવેલ વિદ્યાર્થીઓ, એન.એસ.એસ.માં રાજ્ય/નેશનલ લેવલે પ્રાઈઝ/મેડલ મેળવનાર તથા એન.સી.સી.માં રાજ્ય/નેશનલ લેવલે પ્રાઈઝ/મેડલ મેળવનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

સાથે સાથે NEP 2020 અંતર્ગત ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટેકનોલોજીના Under Graduateના વિદ્યાર્થીઓની ઇન્ટર્નશિપ માટે Department of Biotechnology વિભાગનો Celltech life Science સાથે MoU કરવામાં આવ્યું હતું અને સ્વ. પ્રો. ડૉ. પંકજસિંહ બી. ઠાકોર મેડલ/પારિતોષિક ફિઝીક્સ વિભાગના પીએચ.ડી. સંશોધનાર્થી તરફથી રૂા. ૩ લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. ગુજરાત સરકારના યુવક, ખેલ અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા રૂ. ૩૦ લાખની ગ્રાન્ટની વિશ્વવિદ્યાલયને ફાળવણી સાથે વિશ્વવિદ્યાલય વિસ્તારના નવા જિલ્લા તાપી, નર્મદા અને નવસારી જિલ્લાના સર્વસંગ્રહ (Gazetteer) તૈયાર કરવા માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયને ફાળવણી કરી જે સર્વસંગ્રહ (Gazetteer) માટે વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગના પૂર્વ પ્રોફેસર અને વડાશ્રી ડૉ. એસ.એસ.રાવને નોડલ ઓફિસર તરીકે નિમણૂંક કરવા સાથે સર્વસંગ્રહ ૩ વર્ષમાં તૈયાર કરી જે તે જિલ્લાના કલેકટરશ્રી અને સંબંધિત વિભાગને જમા કર્યો. તેઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

ફિઝીક્સ વિભાગના પ્રો. ડૉ. ઇશ્વરભાઈ બી. પટેલના માર્ગદર્શન હેઠળ સંશોધનાર્થી હેતલબેન રાવલ દ્વારા Thermo Electric Heat Engin સંશોધન અભ્યાસની વિશ્વવિદ્યાલય પ્રથમ પેટન્ટ થઈ, ડિપાર્ટમેન્ટ ઓફ ઇન્ટિરીઅર ડિઝાઈનના આસિસ્ટન્ટ પ્રોફેસર અંકિત એમ. ચાંગાવાલા અને વિભાગના ફેકલ્ટીના માર્ગદર્શન હેઠળના વિભાગના તેજસ્વી વિદ્યાર્થીઓ અને આસિસ્ટન્ટ પ્રોફેસર દ્વારા કુલ (૬) પેટન્ટ મેળવવામાં આવી, ગણિતશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક ડૉ. દેવભદ્ર વી. શાહ દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન ગુજરાત ગણિત મંડળનું પ્રમુખ સ્થાન શોભાવ્યુ તે બદલ તેઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ કરવામાં આવ્યા હતા. જેમાં એસ.ડી.જૈન ઇન્ટરનેશનલ કૉલેજ, વેસુ દ્વારા ગણેશવંદના અને 'જય જય ગરવી ગુજરાત', પ્રતિભા ડાન્સ એકેડમી દ્વારા વિશ્વવિદ્યાલય ગીત, સીનર્જી આર્ટસ દ્વારા રામ સ્તુતિ, ઝંકાર બિટ્સ દ્વારા 'યા હોમ કરી પડો ફતેહ છે આગે', ફેલિસિટી આર્ટ મ્યુઝિક એન્ડ ડાન્સ એકેડમી દ્વારા નૃત્ય હાવભાવ, શિવાંશી આર્ટ સ્ટુડીયો શાસ્ત્રીય નૃત્ય, સપ્તધ્વનિ સંગીત વર્ગ અને કલાવૃંદ દ્વારા ફોક ફયૂઝન, જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી દ્વારા ગરબો, સીનક્રોની કથક ડાન્સ દ્વારા કથક ફયૂઝન નેશન પ્રાઈડ સોંગ, શ્રી પર્ફોમિંગ આર્ટસ દ્વારા નૃત્યનાટિકા કરવામાં આવી હતી. આ ૬૦માં સ્થાપના દિવસની ઉજવણી વિશ્વવિદ્યાલયના શૈક્ષણિક અને સંસ્કૃતિક વારસાને ઉજાગર કરતી હતી અને ભવિષ્યમાં વધુ પ્રગતિ માટે પ્રેરણા રૂપ બની હતી.









VNSGU
Shri J.V. Deshkar
Incharge Vice Chancellor
(04-04-2005 to 21-06-2005)
VNSGU


Moradiya Smit Rameshbhai
Achievement


Cycling Women Team




Dr. H.S. Bhavsar
VEER NARMAD


VNSGU
VNSGU


વીર નર્મદ
દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય
૬૦ વર્ષની ઉજવણી
VEER NARMAD


VNSGU
વીર નર્મદ
દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય
૬૦ વર્ષની ઉજવણી
VNSGU




VNSGU
વીર નર્મદ
દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય
























## વિશ્વવિદ્યાલય પરિસર ખાતે PM-USHA અંતર્ગત વિવિધ બાંધકામોનું ભૂમિપૂજન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય પરિસર ખાતે તા. ૨૦/૦૫/૨૦૨૫ને મંગળવારના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે પ્રધાનમંત્રી ઉચ્ચત્તર શિક્ષા અભિયાન યોજના હેઠળના વિવિધ બાંધકામોના પ્રોજેકટોનું ભૂમિપૂજન વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ તમામ પ્રોજેકટ નીચે મુજબ છે.

(૧) કન્સ્ટ્રકશન ઓફ સેન્ટ્રલ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર ફોર મલ્ટીડીસીપ્લીનરી રીસર્ચ એન્ડ ઇનોવેશન બિલ્ડીગનું રૂા. ૨૫ કરોડના ખર્ચે અંદાજે ૫૯,૭૮૪ ચો. ફુટ જેટલું બાંધકામ થનાર છે. આ તૈયાર થનાર ભવનમાં અલગ અલગ સાયન્સના વિષયો ઉપર રીસર્ચ કરી શકાય તેવા અત્યંત આધુનિક સાધનો વસાવીને મોર્ડન સાયન્ટીફીક લેબોરેટરી બનાવવામાં આવશે. આ લેબોરેટરીથી વિશ્વવિદ્યાલયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નવા નવા વિષયો ઉપર રિસર્ચ કરવા માટે અત્યંત આધુનિક લેબોરેટરીની સગવડો ઉભી થશે.

(૨) કન્સ્ટ્રકશન ઓફ ડેટા સેન્ટરનું રૂા. ૫.૫૦ કરોડના ખર્ચે અંદાજે ૧૨,૧૨૮ ચો. ફુટ જેટલું બાંધકામ થનાર છે આ ડેટા સેન્ટરમાં વિદ્યાર્થીઓના પરિણામ, વિદ્યાર્થીઓની શૈક્ષણિક કારકિર્દીના ડેટાઓ સંગ્રહ કરવામાં આવશે. આ ઉપરાંત પોતાની શૈક્ષણિક કારકીર્દીની વિગતો ભવિષ્યમાં પણ જ્યારે જરૂર પડે ત્યારે અતિ ઝડપી મેળવી શકશે. આ ઉપરાંત સંગ્રહિત ડેટાનો ઉપયોગ વિદ્યાર્થીઓ તેમના અભ્યાસ અને રીસર્ચમાં એકજ સ્થળેથી મેળવી અભ્યાસને ઝડપી બનાવી શકશે.

(૩) કન્સ્ટ્રકશન ઓફ એમ્ફીથિયેટરનું રૂા. ૬.૪૦ કરોડના ખર્ચે અંદાજે ૨૭,૭૫૦ ચો. ફુટનું બાંધકામ કરવામાં આવનાર છે, તેનાથી વિદ્યાર્થીઓને સાંસ્કૃતિક પ્રવૃત્તિ અને સહ–અભ્યાસની પ્રવૃત્તિઓ કરવામાં મદદરૂપ થશે.

(૪) એક્ષટેન્સન ઓફ હ્યુમેનીટીઝ ડિપાર્ટમેન્ટનું રૂા. ૨.૭૦ કરોડના ખર્ચે અંદાજે ૬,૧૩૦ ચો. ફુટ જેટલું બાંધકામ થનાર છે. જેનાથી આ ભવનમાં અભ્યાસ કરતા તુલનાત્મક સાહિત્ય વિભાગ તથા અંગ્રેજી વિભાગના વિદ્યાર્થીને વધુ સગવડ ઉભી થનાર છે.

પ્રસ્તુત પ્રોજેકટ માટે પ્રધાનમંત્રી ઉચ્ચત્તર શિક્ષા અભિયાન યોજના (PM-USHA) હેઠળ અનુદાન આપવામાં આવેલ છે. આ પ્રસંગે વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી, બોર્ડ ઓફ મૅનેજમેન્ટના સભ્યશ્રીઓ, વિવિધ બોર્ડના સભ્યશ્રીઓ તથા વિશ્વવિદ્યાલયના વિવિધ વિભાગીય વડાઓ તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


















## અજા પાલકથી પ્રજા પાલક સુધીના અહિલ્યાબાઈ હોલકરજીના પ્રેરણાત્મક જીજ પર મહાનાટય

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કન્વેન્શન હોલ ખાતે અહિલ્યાબાઈ હોલકરજીના ૩૦૦માં જન્મ જયંતી વર્ષના ઉપલક્ષમાં મહિલા સમન્વય સમિતિ સુરત તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના સંયુકત તત્વધાનમાં મહાનાટય લોકમાતાનું મંચન થયું. જે અમદાવાદથી આવેલા ૮ વર્ષથી ૭૫ વર્ષની વચ્ચેના ૪૦ કલાકારો દ્વારા પ્રસ્તુત થયું. ખાસ વાત એ હતી કે કોઈ પણ કલાકાર પ્રોફેશનલ ન હતા. બધાને અહિલ્યાબાઈના આદર્શને લોકો સુધી પહોંચાડવાના ઉદ્દેશ્યથી ભાવપૂર્ણ રૂપે જોડાયેલા હતા. નાટકના લેખક ડૉ. નંદિની દેશપાંડે તેમજ ડૉ. ધવલ વર્તક જે દિગ્દર્શક હતા તે બંને ઇસરો અમદાવાદમાં વૈજ્ઞાનિક રૂપે કાર્યરત છે. અન્ય કલાકાર પણ વિવિધ ક્ષેત્રમાં કાર્યરત છે. આખેઆખા કાર્યક્રમની ખાસ વાત એ રહી કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય કન્વેકશન હોલ બંને પ્રસ્તુતિમાં સમય પહેલાં જ ખચા ખચ ભરાઈ ગયા હતા અને કાર્યક્રમ એકદમ સમયથી શરૂ થઈ ગયો હતો.

નાટકના સંવાદ એટલા બધા દમદાર હતા કે વચ્ચે વચ્ચે તાળીઓની ગડગડાત તેમજ જય કારથી આખો સભા ભવન ગુંજી રહ્યો હતો. સાથે સાથે દરેક મહત્વપૂર્ણ દ્રશ્ય પ્રેક્ષકો માટે પ્રેરણાત્મક પાઠ ભણાવી રહ્યા હતા. બકરી ચરાવનારની પુત્રીથી લઈ રાજમાતા સુધીના જીવન કાળને જોઈ અંતમાં બધા જ દર્શકગણોએ ઊભા થઈ કલાકારોનું અભિવાદન કર્યું અને ખૂબ જય કારથી વધાવી લીધા, તેમજ કલાકારો સાથે ફોટા ખેંચવા માટે ઉત્સુક પણ રહ્યા. નિ:સ્વાર્થ સેવા ભાવથી નિ:શુલ્ક પ્રસ્તુતિ માટે કાર્યક્રમ વિશે સમન્વય સમિતિના કાર્યકર્તા શ્રી ફાલ્ગુનીજી, જયનજીનું કહેવું હતું કે આજના પરિપ્રેક્ષમાં અને દેશની વિષમ પરિસ્થિતિઓમાંથી બહાર નીકળવા માટે અહિલ્યા બાઈનું ચરિત્ર ખૂબ જ સાર્થક છે, ન્યાયપ્રિય, ધર્મ પરાયણ, દૂરદર્શી, પ્રશાસનિક, રાજનીતિક, કતૃત્વનિષ્ટ, સમરસતાના વિચારવાળા અહિલ્યાબાઈ છે. જે આજના વિદ્યાર્થીઓ અને બધા માટે પથદર્શક છે. ભાવપૂર્ણ, ભકિત, શૌર્ય, સંગીત, નૃત્ય, મનોરંજન, પ્રેરણાદાય, રાષ્ટ્રભકિત, સેવા, સહજતા જેવા બધા જ રંગોથી આ નાટક રંગાયેલું હતું. આ કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, કેપ્ટન મીરા સિદ્ધાર્થ દવે, અનિલજી રુનગટા, ડૉ. જિલ્ના પટેલ, રીતુજી રાઠી તેમજ સંઘના વરિષ્ઠ કાર્યકર્તા શ્રી હરીશભાઈ રાવલ અને વિવિધ ક્ષેત્રના અગ્રણીની ગરિમાપૂર્ણ ઉપસ્થિતિ રહી હતી.







## 'તણાવમુકત જીવન અને સકારાત્મક જીવનશૈલી' પર વિશેષ તાલીમ કાર્યક્રમ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના કમ્પ્યુટર સાયન્સ વિભાગ દ્વારા તા. ૧૭ મે, ૨૦૨૫ના રોજ બ્રહ્મકુમારી સંસ્થાના સહયોગથી 'તણાવમુકત જીવન અને સકારાત્મક જીવનશૈલી' પર વિશેષ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બ્રહ્મકુમારી સોનલબેન અને અવનીબહેન દ્વારા રાજયોગ ઘ્યાન, આત્મ–વિમર્શ, સાકારાત્મક વિચારો અને તણાવ વ્યવસ્થાપન જેવી જીવનોપયોગી પદ્ધતિઓનું અમુલ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું. હાજર અઘ્યાપકો, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓએ ઘ્યાનસત્રનો અનુભવો કર્યો અને અંતરંગ શાંતિ તથા જીવનમાં સંતુલન જાળવવાના ઉપાયો વિશે માહિતી મેળવી. વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી, વિવિધ પ્રોફેસરો, સ્ટાફ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. તમામે કાર્યક્રમને ઉત્સાહવર્ધક અને આત્મઉત્કર્ષમાં સહાયક ગણાવ્યો. યુનિવર્સિટીના ગ્રંથાલયના ગ્રંથપાલ ડૉ.પારૂલ પટેલે બ્રહ્મકુમારી સંસ્થા પ્રત્યે આભાર વ્યકત કરી ભવિષ્યમામાં પણ આવા ઉમદા કાર્યક્રમો યોજવાની આશા વ્યકત કરી હતી.














## 'ઓપરેશન સિંદુર' પર આધારીત કલાત્મક રંગોળીથી રાષ્ટ્રભકિતનો સંદેશ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે ૭ મે, ૨૦૨૫ના રોજ વહીવટી ભવન ખાતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શનથી ભારતીય વાયુ સેના દ્વારા સફળતાપૂર્વક સંપન્ન કરાયેલ 'ઓપરેશન સિંદુર'ને સમર્પિત રંગોળી રજૂ કરવામાં આવી. આ રંગોળીનું સર્જન ફાઈન આર્ટસના કૉ–ઓર્ડિનેટરશ્રી અંકિત ચાંગાવાલાના સંપૂર્ણ માર્ગદર્શનમાં ફાઈન આર્ટસના પૂર્વ વિદ્યાર્થી અને જાણીતા રંગોળી આર્ટિસ્ટ શ્રી અમી દાનેચા તથા ઇન્ટીરીયર ડિઝાઈન વિભાગની વિદ્યાર્થીનીઓ મહેક બામણીયા અને ખુશી મહાત્મા, ઉમરીગર સ્કૂલની વિદ્યાર્થીનીઓ હેતાંશી ખત્રી અને નંદીની લપ્પાવાલા તેમજ DRB કૉલેજના પૂર્વ વિદ્યાર્થી ધ્રુવ વાઘેલા દ્વારા ઉત્સાહપૂર્વક કરવામાં આવ્યું હતું.

આ સજાવટશીલ પ્રવૃત્તિનો મુખ્ય હેતુ યુવાનોમાં રાષ્ટ્રપ્રેમ, સર્જનાત્મક અભિવ્યકિત અને દેશની સુરક્ષા માટે નિષ્ઠાપૂર્વક કાર્યરત ભારતીય વાયુ સેનાની ઉજવણી કરવાનું

રહ્યું. રંગોળી દ્વારા ઓપરેશન સિંદુરમાં વાયુ સેનાએ દાખવેલા શૌર્ય અને વિરતાને દર્શાવવામાં આવી. આવી પ્રવૃત્તિઓ વિશ્વવિદ્યાલયનું સામાજિક અને રાષ્ટ્રીય મૂલ્યો પ્રતિ એકદમ સકારાત્મક અભિગમ દર્શાવે છે અને વિદ્યાર્થીઓમાં જાગૃતિ તથા રાષ્ટ્ર ભકિતની પ્રેરણાનું સિંચન કરે છે.










## વિશ્વવિદ્યાલયના કર્મચારીઓના બાળકોનો સન્માન સમારોહ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા તારીખ ૧૨ મે, ૨૦૨૫ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે કમ્પ્યુટર સાયન્સ વિભાગના સેમિનાર હોલ ખાતે વિશ્વવિદ્યાલયના કાર્યરત કર્મચારીઓના ધોરણ ૧૦ અને ૧૨માં ઉત્તીર્ણ થયેલ પુત્ર અને પુત્રીઓ માટે સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી ઉપરાંત વિશ્વવિદ્યાલયના વિવિધ અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે ધોરણ ૧૦ અને ૧૨માં ઉત્તીર્ણ થયેલ ૧૦ કરતા વધારે કર્મચારીઓના બાળકોને પુસ્તકથી સન્માનિત કરવામાં આવ્યા હતા. અંતે કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાએ બાળકો અને તેમના માતા–પિતાને અભિનંદન અને ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આવા સન્માન સમારંભો વિદ્યાર્થીઓના મનોબળમાં વધારે કરે છે અને ભવિષ્યમાં વધુ પ્રેરણાદાયી સફળતાઓ માટે પથ પ્રસ્તુત કરે છે.








## કર્મચારીઓને સુરક્ષા અને સલામતી માટે વિસ્તૃત તાલીમ






વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા આજ રોજ બપોરે ૧૨:૦૦ કલાકે વિશ્વવિદ્યાલયના કર્મચારીઓ માટે સુરક્ષા અને સલામતીના મહત્ત્વપૂર્ણ મુદ્દાઓને આવરી લેનાર તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. હાલની પરિસ્થિતિ અને સંભવિત જોખમોને ધ્યાનમાં રાખીને આ કાર્યક્રમનું આયોજન સુરક્ષા જાગૃતિ વધારવા અને વ્યવસ્થિત પ્રતિસાદ માટે કરવામાં આવ્યું હતું. તાલીમ દરમિયાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા ઉપરાંત વિશ્વવિદ્યાલના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિશ્વવિદ્યાલયના સુરક્ષા અધિકારીશ્રીઓ મેહુલભાઈ મોદીએ લાઈવ ડેમો દ્વારા હાજર સહભાગીઓને વિવિધ પરિસ્થિતિઓમાં કેવી રીતે સુરક્ષિત રહેવું, કઈ તકેદારી લેવી અને તાત્કાલિક પગલાં કેવી રીતે ભરવા તેની માહિતી આપી હતી. તેમણે આપત્તિ, વ્યવસ્થાપન, ફાયર સેફટી અને તટસ્થ વલણ અંગે પણ વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું.

## આરોગ્ય જાગૃતિ માટે 'છાશ પીઓ' અભિયાન







ભારતમાં ચાલી રહેલા છાશ પીઓ અભિયાનના ભાગ રૂપે ગુજરાત રાજ્યના સ્ટેટ પ્રેસિડેન્ટ તેમજ બાયોટેકનોલોજી વિભાગના વડાશ્રી ડૉ. ગૌરવ શાહ દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સુરતના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના ચેમ્બરમાં તેમજ અન્ય સ્ટાફ સભ્યોની હાજરીમાં સફળતાપૂર્વક પૂર્ણ થયું. આ પહેલની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી, જેનાથી વિવિધ વય જૂથોના બૌદ્ધિકોમાં આરોગ્ય જાગૃતિ અને સમુદાય ભાવના બંનેને પ્રોત્સાહન મળ્યું હતું. કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી ઉપરાંત વિશ્વવિદ્યાલયના એક્ઝિક્યુટિવ કાઉન્સિલ (EC) સભ્યોનુ પણ છાશ આપવામાં આવી હતી.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના બાયોટેકનોલોજી વિભાગ ખાતે માઈક્રોબાયોલોજિસ્ટ સોસાયટી ઇન્ડિયા (MBSI)ના વિદ્યાર્થી એકમ 'બ્રિલિયન્ટ બ્રેઇન્સ' દ્વારા પ્રમોટ કરાયેલ જાગૃતિ કાર્યક્રમની મહત્તાને ઉજાગર કરતા ડૉ. ગૌરવ શાહે જણાવ્યું, 'આ અભિયાન માત્ર આરોગ્યપ્રદ જીવનશૈલીને પ્રોત્સાહન જ નહીં, પરંતુ આપણી સમુદાયમાં એકતા અને સુખાકારીની ભાવનાને પણ મજબૂત બનાવે છે'. આ અભિયાનમાં તન્વી તમાકુવાલા, જિગીષા પટેલ, ધ્રુતિ ટંડેલ, ભાવિની કંસારાનું અમૂલ્ય યોગદાન રહ્યું હતું. તેમની મહેનત અને સહકાર દ્વારા અભિયાન સફળતાપૂર્વક પૂર્ણ થઈ શક્યું. આ પ્રકારના પ્રયાસો વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં આરોગ્ય જાગૃતિ અને સામુહિક એકતાના સંસ્કાર વિકસાવવામાં મદદરૂપ સાબિત થાય છે.

## ICCR વિદ્યાર્થીઓનો સર્ટિફિકેટ એનાયત સમારોહ

તા. ૧૨મી મે, ૨૦૨૫ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ જેમણે વર્ષ ૨૦૨૫માં ભારતીય સાંસ્કૃતિક સંબંધ પરિષદ (આઈસીસીઆર) શિષ્યવૃત્તિ કાર્યક્રમ હેઠળ સફળતાપૂર્વક તેમની અંતિમ પરીક્ષાઓ પૂર્ણ કરી છે, તેમની શૈક્ષણિક સિદ્ધિઓને સન્માનિત કરવા માટે એક હૃદયસ્પર્શી સર્ટિફિકેટ એનાયત સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વવિદ્યાલયના મીટિંગ રૂમ નં. ૧૦૧૩૩માં યોજાયેલ આ કાર્યક્રમ શૈક્ષણિક શ્રેષ્ઠતા, સાંસ્કૃતિક આદાનપ્રદાન અને વિશ્વવિદ્યાલય અને તેના આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી સમુદાય વચ્ચે બંધાયેલા મજબૂત સંબંધોની ઉજવણી હતી.

આ સમારોહ બપોરે ૧:૦૦ કલાકે સ્નાતક વિદ્યાર્થીઓના આગમન અને નોંધણી સાથે શરૂ થયો હતો. David Seetsa Makateng from Lesotho (Ph.D. in

Sociology), Matrullah Ahmedzai from Afghanistan (B.B.A.), Sohna Barrow from Gambia (B.Com), Md Emon Ali From Bangladesh (B.A. Economics) (ABSENT), Ms, Celina Alfredo Mabote from Mozambique (B.B.A.), and Sabarwal Hashmtullah from Afghanistan (M.B.A.)

કાર્યક્રમની શરૂઆત વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. આર.સી. ગઢવી દ્વારા સ્વાગત પ્રવચનથી કરવામાં આવી હતી, જેમણે વિદેશી ભૂમિ પર તેમના શૈક્ષણિક લક્ષ્યોને હાંસલ કરવા માટે વિદ્યાર્થીઓના સમર્પણ અને ખંતની પ્રશંસા કરી હતી અને સૌને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી. ત્યારબાદ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા એક માહિતીપ્રદ અને પ્રોત્સાહક સંબોધન કરવામાં આવ્યું હતું. તેમણે પ્રમુખપદના સંબોધનમાં સ્નાતક વિદ્યાર્થીઓને તેમના હૃદયપૂર્વકના આર્શીર્વાદ અને શુભેચ્છાઓ પાઠવી હતી, તેમની સિદ્ધિઓ બદલ વિશ્વવિદ્યાલયના ગર્વ પર ભાર મૂકયો હતો અને તેમને તેમના ભવિષ્યના પ્રયાસોના જ્ઞાન અને સદ્ભાવનાના દૂત બનવા વિનંતી કરી હતી. તેમણે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ વિશ્વવિદ્યાલયના શૈક્ષણિક અને સંસ્કૃતિક વાતાવરણને સમૃદ્ધ બનાવે છે તેના પર પ્રકાશ પાડયો હતો. વિશ્વવિદ્યાલયના પરીક્ષા નિયામક શ્રી એ.વી. ધડૂકે સર્ટિફિકેટ વિતરણ અંગેની જાહેરાત કરી હતી.

આ સમારોહમાં કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડાએ વ્યકિતગત રીતે દરેક સ્નાતક વિદ્યાર્થીને પ્રોવિઝનલ ડિગ્રી સર્ટિફિકેટ એનાયત કર્યા હતા. વિદ્યાર્થીઓને અભ્યાસક્રમોમાં તેમની સખત મહેનત અને શૈક્ષણિક શ્રેષ્ઠતા માટે સન્માનિત કરવામાં આવ્યા હતા અને યાદગીરી માટે ફોટો પાડયા હતા.

સર્ટિફિકેટ વિતરણ બાદ, વિશ્વવિદ્યાલયના પ્રતિનિધિ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી, જેમાં આંતરરાષ્ટ્રીય શિક્ષણને પ્રોત્સાહન આપવા બદલ આઈસીસીઆરનો સતત સહયોગ બદલ, ફેકલ્ટી સભ્યોનો તેમના માર્ગદર્શન બદલ અને વહીવટી સ્ટાફનો વિદ્યાર્થીઓને તેમના અવિરત સમર્થન બદલ આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. આ ઔપચારિક સમારોહ હળવા નાસ્તા સાથે સમાપ્ત થયો હતો, જેમાં સ્નાતક વિદ્યાર્થીઓ વિશ્વવિદ્યાલયના અધિકારીઓને અનૌપચારિક ચર્ચા કરવાની, અભિનંદન સંદેશાઓ અને તેમના ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ આપવાની તક મળી હતી. સર્ટિફિકેટ એનાયત સમારોહે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને ગુણવત્તાયુકત શિક્ષણ પ્રદાન કરવાની અને વિવિધ અને સમાવેશી શૈક્ષણિક વાતાવરણને પ્રોત્સાહન આપવાની વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરી હતી.













## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓનાં IPR પ્રોજેક્ટ્સને મળી અધિકૃત ડિઝાઈન નોંધણી







વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય માટે એ મહત્ત્વપૂર્ણ સિદ્ધિ છે કે, વિદ્યાર્થીઓ દ્વારા વિકસાવવામાં આવેલા વધુ ત્રણ નવીન ડિઝાઇનને ડિઝાઈન એક્ટ, ૨૦૦૦ મુજબ અધિકૃત ડિઝાઈન નોંધણી મળી છે. આ સિદ્ધિ વિશ્વવિદ્યાલયના ઇન્ક્યુબેશન સેન્ટર તથા સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઇનોવેશન પોલિસી (SSIP)ના માર્ગદર્શન અને સહયોગથી શક્ય બની છે.

નોંધણી કરાયેલા ડિઝાઈન્સમાં પ્રથમ છે COURTYARD CHAIR, જે જયદિપ મકવાણા, ઇન્ટિરિયર ડિઝાઇન વિભાગના અંકિતકુમાર એમ. ચાંગાવાલા, અજય જે. મિસ્ત્રી અને આર. નીલકંઠ બુરખાવાલાના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવી છે.

બીજી નોંધણી MOROCCON LIGHT છે, જે શ્રેયા એ. ફગણિયા, ઇન્ટિરિયર ડિઝાઈન વિભાગના અંકિતકુમાર એમ. ચાંગાવાલા, અજય જે. મિસ્ત્રી અને આર. નીલકંઠ બુરખાવાલાના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવી છે.

ત્રીજી નોંધણી છે SIX WHEEL CHAIN ROVER, જે કોમલ તોમર વિજેન્દ્રસિંહ, ઋતિકા અજય સિન્હા, કૃશા ધવલ શેઠ દ્વારા, જે.પી.ડાવર માહિતી અને સંચાર વિજ્ઞાન સંસ્થા (ICT) વિભાગના ડૉ. હિતેશકુમાર જગદીશચન્દ્ર લાડના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવી છે.

આ સફળતાઓથી વિદ્યાર્થીઓમાં નવીન વિચારોની પ્રેરણા મળશે અને ડિઝાઈન આધારિત સંશોધનને વધુ આગળ વધારવાનો માર્ગ ખુલશે. SSIP અંતર્ગત વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સતત નવોદિત સંશોધકોને ટેકો આપી તેમને બૌદ્ધિક સંપત્તિ સંરક્ષણ મેળવવામાં માર્ગદર્શન આપે છે. આ તમામ વિદ્યાર્થીઓને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનન કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### Department of Interior Design

## ઇન્ટિરિયર ડિઝાઈન વિભાગે વધુ એક ડિઝાઈન પેટન્ટ મેળવી




વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ઇન્ટિરિયર ડિઝાઈન વિભાગે વધુ એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્ન ઉજવ્યું કારણ કે ડિપાર્ટમેન્ટના અંતિમ વર્ષના વિદ્યાર્થી શ્રી પ્રેમ બારડોલીવાલાને ઇન્ડિયન પેટન્ટ ઓફિસ દ્વારા ડિઝાઈન પેટન્ટ આપવામાં આવી છે. 'હેગિંગ લાઈટ' નામનો તેમનો નવીન પ્રોજેક્ટ સહાયક પ્રોફેસર અંકિતકુમાર એમ. ચાંગાવાલા અને શ્રી સ્નેહલ પટેલના નિષ્ણાંત માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવ્યો હતો. આ પ્રોજેકટ વાઈબ્રન્ટ સુરત બજારમાં હાથ ધરવામાં આવેલા એક નિરીક્ષણ અભ્યાસમાંથી ઉદ્ભવ્યો હતો, જેમાં લોકોના રોજિંદા વર્તન અને સામાન્ય વસ્તુઓના વૈકલ્પિક ઉપયોગો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. પ્રેમ ખાસ કરીને હેંગર્સની સરળતા અને વૈવિધ્યતાથી પ્રેરિત હતા. સામાન્ય રીતે વસ્તુઓને જ્યાં સરળતાથી ઇચ્છિત હોય ત્યાં મૂકવા માટે ઉપયોગમાં લેવાતા. આ સમજ તેમને હૂક જેવી લાઈટ ફિક્સ્ચર ડિઝાઈન કરવા તરફ દોરી ગઈ જે વપરાશકર્તાઓને પરિસ્થિતિગત જરૂરિયાતો અનુસાર લાઈટની સ્થિતિને સમાયોજિત કરવાની મંજૂરી આપે છે.

પ્રેમે કહ્યું કે, હું એક લાઇટિંગ સોલ્યુશન બનાવવા માંગતો હતો જે ફક્ત કાર્યાત્મક જ નહીં પણ વિવિધ સંદર્ભોને અનુકૂલનશીલ પણ હોય. હૂક મિકેનિઝમનો ઉપયોગ કરવાનો વિચાર કુદરતી રીતે લોકો રોજિંદા જીવનમાં હેંગર્સનો ઉપયોગ કેવી રીતે કરે છે તે જોયા પછી આવ્યો, તેમણે કહ્યું આ સિદ્ધિ ડિઝાઈન વિચારસરણી, સંદર્ભે સંશોધન અને વ્યવહારુ નવીનતા પર વિભાગના ભારને પ્રતિબિંબિત કરે છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી, પ્રો. પરેશ પારેખ, કૉ–ઓર્ડિનેટર SSIP અને ઇન્ટિરિયર ડિઝાઈન વિભાગના કૉ–ઓર્ડિનેટરશ્રી મેહુલ પટેલે પ્રેમને અને મેન્ટર્સને તેમની પ્રશંસનીય સિદ્ધિ અને ડિઝાઈન નવીનતામાં યોગદાન બદલ હૃદય પૂર્વક અભિનંદન પાઠવ્યા હતા.

## મહાવિદ્યાલય સમાચાર

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આટ્ર્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી.

#### વિદાય સમારંભ




જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આટ્ર્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના વય મર્યાદાને લીધે નિવૃત થતા ગુજરાતી વિષયના પ્રાધ્યાપક શ્રી ડૉ. ઋજુતા સી. ગાંધીના વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કુલગુરુ શ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને અતિથિ વિશેષ જીવન જ્યોત ટ્રસ્ટના માનદ્ મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને અમરોલી કૉલેજ ગીતથી કરવામાં આવી હતી. કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. સેજલબ એ. દેસાઈએ અતિથિશ્રીઓને શબ્દોથી આવકાર અને પુસ્તક આપી સ્વાગત કર્યુ હતું. મહેમાનશ્રીનો પરિચય પ્રા. રુદ્રનાથ ઝાએ આપ્યો હતો. કુલગુરુ શ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને માનદ્ મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધન આપી પ્રાધ્યાપક શ્રી ડૉ. ઋજુતા સી. ગાંધીને સન્માનપત્ર આપ્યું હતું. સર્વ સ્ટાફ વતી પ્રા. ડૉ. રૂસ્તમ એન. સદરીએ વકતવ્ય આપ્યું હતું. ગુજરાતી વિભાગ વતી પ્રા. હેમાબેન દવેએ વકતવ્ય આપ્યું હતું. સમગ્ર વાતાવરણ લાગણી સભર બની ગયું હતું. અંતે પ્રા. વિજયભાઈ એમ. ચૌધરીએ કાર્યક્રમને સફળ બનાવવામાં મદદરૂપ થનાર તમામ સભ્યોનો આભાર વ્યકત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમના ઉદઘોષક તરીકે પ્રા. ડૉ. ઝંખનાબેન પરમાર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમમાં વર્તમાન અને નિવૃત પામેલા તમામ શૈક્ષણિક અને વહીવટી સ્ટાફના સભ્યો જોડાયા હતા.

#### ગુજરાત રાજ્ય સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભ ૩.૦માં વેઈટલિફ્ટિંગ સ્પર્ધામાં સિદ્ધિ

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા તા. ૨૫/૦૪૨૦૨૫ના રોજ જૂનાગઢના ગાંધીગ્રામ ખાતે ખેલ મહાકુંભ ૩.૦નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આટ્ર્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી–સુરતના ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. સેજલબેન એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ વેઈટલિફ્ટિંગની સ્પર્ધામાં સહભાગી થઈ વિશ્વકર્મા રોહિત (કેટેગરી ૮૧ કિ.ગ્રા), ધંધુકિયા હર્ષદ (કેટેગરી ૫૫ કિ.ગ્રા), સિંહ માનસી રાજકુમાર (કેટેગરી ૪૫ કિ.ગ્રા.) એ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ, ચિત્રોડા ભાર્ગવી (કેટેગરી ૪૯ કિ.ગ્રા)એ બીજો ક્રમાંક પ્રાપ્ત કરી સિલ્વર મેડલ અને બિશ્નોઈ સુમિત (કેટેગરી ૧૦૨ કિ.ગ્રા.), પરમાર ક્રિશ (કેટેગરી ૬૧ કિ.ગ્રા), પટેલ સ્વયમ (કેટેગરી ૫૫ કિ.ગ્રા), મિશ્રા મધુ સુશીલભાઈ (કેટેગરી ૪૫ કિ.ગ્રા) એ બ્રોન્ઝ મેડલ મેળવ્યો. આ વિદ્યાર્થીઓને જીવન જ્યોત ટ્રસ્ટ, ઇ.ચા. આચાર્યશ્રી ડૉ. સેજલ એ. દેસાઈ અને અમરોલી કૉલેજ પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતાં.



### પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

#### પીએચ.ડી.




જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટીટ્યૂટ ઓફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલી, સુરતના કોમર્સ વિષયનાં એડહોક વ્યાખ્યાતા ડૉ. મોહમ્મદઅલી ખાદીમહુસૈન મોમિનને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત

તરફથી તેમણે રજૂ કરેલ 'Financial Performance of BSE 100 Pre and Post Pandemic Crises of 2020' વિષય પરના મહાશોધ નિબંધને માન્યતા આપી પીએચ.ડી.ની ડિગ્રી એનાયત કરી છે. તેમણે આ સંશોધન કાર્ય વલસાડ કૉલેજનાં પ્રા. ડૉ. ધીમેન જે. જાનીનાં માર્ગદર્શન હેઠળ કોમર્સ–એકાઉન્ટન્સી વિષયમાં કરેલ છે. તેમની આ સિદ્ધિ બદલ અમરોલી કૉલેજના આચાર્યશ્રી ડૉ. મુકેશ આર. ગોયાણી, તેમજ શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા જીવન જ્યોત ટ્રસ્ટ પરિવાર તરફથી હાર્દિક અભિનંદન પાઠવ્યા હતાં.

## ડ્રગ જાગૃત્તિ સપ્તાહ




જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઇન્સ્ટીટયૂટ ઓફ મૅનેજમેન્ટ, આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૧૪/૫/૨૦૨૫નાં રોજ ૬ ગુજરાત ગર્લ્સ બટાલિયન NCC દ્વારા આપવામાં આવેલા ડ્રગ જાગૃતિ સપ્તાહના ભાગ રૂપે, "SAY NO TO DRUGS" થીમ પર પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય ઉદ્દેશ ડ્રગ્સની હાનિકારક અસરો વિષે શિક્ષિત કરવાનો અને સ્વસ્થ અને ડ્રગ–મુકત જીવનશૈલીને પ્રોત્સહન આપવાનો હતો. સ્પર્ધામાં મુખ્ય મહેમાન બી.કોમ. કૉ–ઓર્ડિનેટર પ્રા.ભરત બસરાણી અને બી.એસ. ડેટા સાયન્સ કૉ–ઓર્ડિનેટર પ્રા. હિતેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધામાં જજ ડૉ. હેમાદ્રી ટીકાવાલા હતા. સ્પર્ધામાં પ્રથમ ક્રમ હમત ખુશી દરજી અને બીજા ક્રમ ઉર્વીસા વરિયા પ્રાપ્ત કર્યો હતો. સ્પર્ધાનું આયોજન આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી માર્ગદર્શન હેઠળ NCC CTO ડૉ. અનિલા પિલ્લાઈ દ્વારા સફળતાપૂર્વક યોજાયો છે.

## એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા.

## શ્રદ્ધાંજલિ કાર્યક્રમ

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કૉલેજના એન.સી.સી. યુનિટ દ્વારા પહેલગાંવ કાશ્મીર આતંકી હુમલામાં જીવ ગુમાવનાર લોકોના શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી પ્રા. વર્ષાબેન રાણાએ શ્રદ્ધાંજલિ આપતા જણાવ્યું હતું કે, માનસિક રીતે વિકૃત અને નબળા લોકો આવો કૃત્ય કરતા હોય છે અને દુઃખની લાગણી વ્યકત કરી હતી આ સાથે કાર્યક્રમના કૉ–ઓર્ડિનેટર સબ લેફ્ટનન્ટ ડૉ. સોનલ વસાવાએ જણાવ્યુ કે, હાલ પહેલગામ કાશ્મીર મુકામે તારીખ ૨૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ લગભગ બપોરના ૨:૦૦ કલાકની આસપાસ આતંકી હુમલો થયો હતો જેમાં ૨૬ નિર્દોષ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો. આતંકવાદીઓએ સાબિત કરી બતાવ્યું છે કે તેઓને માનવતા સાથે કોઈ લેવાદેવા નથી. તેઓ કાયર છે ડરપોક છે કે જેઓએ પર્યટકો ઉપર હુમલો કર્યો આપણે આ હુકલાને સખત શબ્દોમાં વખોડી કાઢીએ છીએ અને આ હુમલામાં જે લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો એ લોકો માટે બે મિનિટનું મૌન પાળી કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય અધ્યાપકો તેમજ એનસીસી કેડેટ પટેલ મોહિક, કેડેટ નાયકા મયુરી દ્વારા પોતાના વિચારો વ્યકત કર્યા હતા. મીણબત્તી પ્રજવલિત કરી પુષ્પો વડે શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. તેમજ કેડેટ ખુશી દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.



## ગુજરાત સ્થાપના દિવસ ઉજવણી

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી. પટેલ કોમર્સ કૉલેજના એન.સી.સી. યુનિટ દ્વારા ગુજરાત સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં કૉલેજના ઇન્ચાર્જ આચાર્યશ્રી પ્રા. વર્ષાબેન રાણાએ ગુજરાત સ્થાપના દિવસ પર ગુજરાતના ગૌરવ વિશે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડયું હતું. "જ્યાં જ્યાં વસે ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત" તેમજ કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા ગુજરાત સ્થાપના દિવસ પર પોતાના વકતવ્ય રજૂ કર્યા હતા અને પોતે ગુજરાતી છે તેના ઉપર ગર્વ વ્યકત કર્યો હતો. આ પ્રોગ્રામમાં તમામ અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. સોનલબેન વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું.



## નવયુગ કોમર્સ કૉલેજ, સુરત.

### ખેલ મહાકુંભ ૩.૦ રાજ્ય કક્ષાની વેઈટ લિફિટંગ (ભાઈઓ અને બહેનો) સ્પર્ધામાં સિદ્ધિ




ગુજરાત સરકાર દ્વારા આયોજિત ખેલ મહાકુંભ ૩.૦ રાજ્ય કક્ષાને વેઈટ લિફ્ટિંગ (ભાઈઓ અને બહેનો) સ્પર્ધા જૂનાગઢ મુકામે યોજાય હતી, આ સ્પર્ધામાં નવયુગ કોમર્સ કૉલેજના ત્રણ ખેલાડીઓએ ભાગ લીધો હતો જેમાં ભાઈઓની ૧૦૦ + કેટેગરી ગ્રુપમાં (૧) શ્રી. કેવલ અનિલભાઈ રાણાએ દ્વિતીય ક્રમે આવી સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. (૨) શ્રેયર પઠાન ૭૩ કિ.ગ્રા. ગ્રુપમાં પ્રથમ ક્રમે ગોલ્ડ મેડલ તેમજ બહેનોની વેઈટ લિફ્ટિંગ સ્પર્ધામાં ૮૭ અબોવ કિલોગ્રામ ગ્રુપમાં (૩) કુ. છાયા પ્રદીપભાઈ મોરેએ તૃતીય ક્રમે આવી બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી કૉલેજનું ગૌરવ વધાર્યું, આ ખેલાડીઓને આચાર્યશ્રી ડૉ. વિનોદ એન. પટેલ તથા શારીરિક શિક્ષણના આસિ. પ્રો.શ્રી. છગનભાઈ કે. અસારિયા આસિ. પ્રો. ડૉ. બ્રિજેશભાઈ એસ. પટેલ તેમજ કૉલેજ પરિવારે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા..

### કુ. પ્રાચી જયેન્દ્રભાઈ પટેલએ રાજ્યકક્ષાએ કરાટે સ્પર્ધામાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી કૉલેજનું ગૌરવ વધાર્યું




રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર અને સ્પોર્ટ્સ ઓર્થોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા આયોજીત ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત સીધી રાજ્યકક્ષાની કરાટે સ્પર્ધા સુરત મુકામે યોજાય હતી, આ કરાટે સ્પર્ધામાં ઓપન એજ ગ્રુપ ૪૮ કિલોગ્રામ ગૃપમાં કુ. પ્રાચી જયેન્દ્રભાઈ પટેલે પ્રથમ ક્રમે આવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી સમગ્ર ગુજરાત રાજ્ય તેમજ નવયુગ કોમર્સ કૉલેજનું ગૌરવ વધાર્યું. આ ખેલાડીઓને આચાર્યશ્રી ડૉ. વિનોદ એન. પટેલ તથા શારીરિક શિક્ષણના આસિ. પ્રો. શ્રી છગનભાઈ અસારિયા આસિ. પ્રો. ડૉ. બ્રિજેશભાઈ એસ. પટેલ તેમજ કૉલેજ પરિવારે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### હિરલ રવિભાઈ પાટીલે રાજ્ય કક્ષાએ ટેકવાનડો સ્પર્ધામાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી કૉલેજનું ગૌરવ વધાર્યું




રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર અને સ્પોર્ટ્સ ઓર્થોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા આયોજીત ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત સીધી રાજ્યકક્ષાની સ્પર્ધામાં ઓપન એજ ગ્રુપ ૬૮ અબાવ કિલોગ્રામ ગૃપમાં હિરલ રવિભાઈ પાટીલે પ્રથમ ક્રમે આવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી સમગ્ર ગુજરાત રાજ્ય તેમજ નવયુગ કોમર્સ કૉલેજનું ગૌરવ વધાર્યુ. આ ખેલાડીઓને આચાર્યશ્રી વિનોદભાઈ એન. પટેલ તથા શારીરિક શિક્ષણના આસિ. પ્રો. શ્રી છગનભાઈ અસારિયા, આસિ.પ્રો.બ્રિજેશભાઈ એસ. પટેલ તથા કૉલેજ પરિવારે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા.

## Smt R.P.Chauhan Arts and Smt J.K.Shah and Shri K.D.Shah Commerce College, Vyara.

### વ્યારા કૉલેજમાં કોમ્પ્યુટર બેઝિક કોર્સ અને કૉલેજને ગૌરવ અપાવનાર વિદ્યાર્થી માટે અભિવાદન કાર્યક્રમ યોજાયો



શ્રીમતી ર.ફ.દાબુ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટ્સ અને શ્રીમતી જે.કે શાહ અને શ્રી કે.ડી.શાહ કોમર્સ કૉલેજ તથા બી.સી.એ. કૉલેજ વ્યારાના ઉપક્રમે બેઝિક કમ્પ્યુટર કોર્સનો સમાપન સમારોહ તથા રાષ્ટ્રીય સેવા યોજનામાં શ્રેષ્ઠ કામગીરી કરનાર NSSના

સ્વયંસેવકોને વિશ્વવિદ્યાલય તરફથી મળેલ મેરીટ સર્ટિફિકેટ વિતરણ અને કૉલેજમાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન અભ્યાસની સાથે–સાથે કૉલેજની ઇત્તર અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં શ્રેષ્ઠ યોગદાન આપનાર વિદ્યાર્થીને 'બેસ્ટ સ્ટુડન્ટ–૨૦૨૪–૨૫' એવોર્ડ અર્પણનો કાર્યક્રમ તાપી જિલ્લાના કલેકટરશ્રી અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ડૉ. વિપિન ગર્ગ (IAS)ના અધ્યક્ષસ્થાને વ્દારા કૉલેજ ખાતે યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે કૉલેજના આચાર્યશ્રી પ્રિ. ડૉ. હિતેન્દ્રસિંહ ખરવસિયાએ નજીકના દિવસોમાં પાકિસ્તાન સામેના 'ઓપરેશન સિંદુર'માં ભારતના વીર જવાનોના શૌર્ય, સાહસ અને પરાક્રમને યાદ કરી, ભારતના પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલબિહારી વાજપાઈની "हिन्दुतान कोई एक जमीन का टुकड़ा नहीं वह तो एक जीता जागता राष्ट्र पुरुष है" પંકિત રજૂ કરી ઉપસ્થિત મહેમાનોનું શબ્દોથી સ્વાગત કરી સંચાલક મંડળ, સમગ્ર કૉલેજ પરિવાર અને વિદ્યાર્થીઓના સાથ–સહકારથી કૉલેજે શિક્ષણ, રમતગમત અને ઇત્તર પ્રવૃત્તિઓમાં મેળવેલ સફળતાની વિકાસગાથા રજૂ કરી વર્તમાન સ્પર્ધાત્મક સમયમાં આગળ વધવા કોમ્પ્યુટર શિક્ષણની ખૂબ અનિવાર્યતા છે. તેમ જણાવી વિશ્વવિદ્યાલય માન્ય સર્ટીફિકેટ કોર્સ કરવા જોઈએ જેની વધારાની ક્રેડીટ મળતી હોય છે. એમ જણાવી રાષ્ટ્ર અને સમાજસેવાની પ્રવૃત્તિ માટે આગળ આવવા અનુરોધ કરી તાપી જિલ્લાના વર્તમાન કલેકટર વ્દારા કૉલેજમાં ઉપસ્થિત રહી સર્વેને પ્રેરણા અને માર્ગદર્શન પૂરા પાડવા બદલ આભાર વ્યકત કર્યો હતો.

વિશિષ્ટ અને ગૌરવપૂર્ણ કાર્યક્રમના અધ્યક્ષ મહોદય અને તાપી જિલ્લાના કલેકટરશ્રી અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ડૉ. વિપીન ગર્ગ (IAS)એ કોમ્પ્યુટરનો બેઝિક કોર્સ પૂર્ણ કરનાર તથા NSSના મેરીટ સર્ટીફિકેટસ મેળવનાર અને અભ્યાસની સાથે સાથે વિવિધ પ્રવૃત્તિમાં ભાગ લઈ કૉલેજને ગૌરવ અપાવી ૨૦૨૪–૨૫ના વર્ષનો 'બેસ્ટ સ્ટુડન્ટ' એવોર્ડ મેળવનાર T.Y.B.Com.ની વિદ્યાર્થીની કુમારી માનસી ગામીતને અભિનંદન પાઠવી રાષ્ટ્રીય સેવા યોજનાની પ્રવૃત્તિમાં ભાગ લઈ આજના યુવાનો–વિદ્યાર્થીઓ દેશ અને સમાજની મહામૂલી સેવા કરી શકે છે અને તે માટે વિદ્યાર્થીઓએ પર્યાવરણ જાગૃત્તિ, વ્યસન મુકિત, બ્લડ ડોનેશન અને વૃક્ષારોપણની રાષ્ટ્ર ઉપયોગી પ્રવૃત્તિમાં સહભાગી બનવું જોઈએ તથા વધુ અભ્યાસ માટે વિદેશમાં જવા માંગતા વિદ્યાર્થીઓ એકેડેમિક ક્રેડિટમાં વધારો કરવા માટે સેવાકીય પ્રવૃત્તિઓનું કેટલું મહત્વ અને ઉપયોગી બની શકે છે તે માટે ઘાના અને કેન્યા જેવા વિશ્વના દેશોના ઉદાહરણો આપી સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા શૈક્ષણિકક્ષેત્રે એકેડેમિક ક્રેડીટમાં કઈ રીતે વધારો કરી શકાય છે તેનું માર્ગદર્શન આપ્યું હતું તથા કૉલેજ દ્વારા વેકેશનના સમયગાળા દરમિયાન શરૂ કરવામાં આવેલ બેઝિક કોમ્પ્યુટર કોર્સ સફળતાપૂર્વક પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓએ હવે કોમ્પ્યુટરનો એડવાન્સ કોર્સ કરવો જોઈએ. આજનો સમય AI ટેકનોલોજીનો હોય આ દિશામાં આજના વિદ્યાર્થીઓએ કોમ્પ્યુટર ક્ષેત્રમાં આગળ વધવું જોઈએ એમ જણાવી સમગ્ર કૉલેજ પરિવાર અને વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છા પાઠવ્યા હતા.

નાદુરસ્ત તબિયતને કારણે કાર્યક્રમમાં ઉપસ્થિત ન રહી શકનાર કૉલેજ સંચાલક મંડળના પ્રમુખશ્રી હસુભાઈ ભકત અને મંત્રીશ્રી મહેશભાઈ શાહે કલેકટર આપણી કૉલેજમાં ઉપસ્થિત રહેનાર છે તે માટે આનંદની લાગણી વ્યકત કરી પ્રસંગોચિત શુભેચ્છા પાઠવ્યા હતા. કૉલેજના સંચાલક મંડળના ચેરમેનશ્રી નેવિલભાઈ જોખી ઉપપ્રમુખશ્રી આયુષભાઈ શાહ, કારોબારી સભ્યશ્રી રોનકભાઈ શાહે કાર્યક્રમની સફળતા માટે કૉલેજમાં ઉપસ્થિત રહી માર્ગદર્શન અને પ્રેરણા પૂરા પાડયા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આભારવિધિ IQAC કમિટીના કૉ–ઓર્ડિનેટર પ્રા. ડૉ. ધર્મેશભાઈ પંડયાએ કર્યું હતું.

## પક્ષીઓ માટે પીવાના પાણીના કૂડા વિતરણ કાર્યક્રમ



શ્રીમતી ર.ફ.દાબુ કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટ્સ અને શ્રીમતી જે.કે શાહ અને શ્રી કે.ડી.શાહ કોમર્સ કૉલેજ તથા બી.સી.એ. કૉલેજ વ્દારા ખાતે રાષ્ટ્રીય સેવા યોજનાના ઉપક્રમે ઉનાળાની ઋતુમાં પક્ષીઓને પીવાના પાણીની સુવીધા મળી શકે તે માટે કૂંડા વીતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કૉલેજના આચાર્યશ્રી ડૉ. હિતેન્દ્રસિંહ ખરવાસિયાએ વ્દારા કૉલેજના NSS પ્રોગ્રામ ઓફિસરોની કામગીરીને બીરદાવી હાલમાં ઉનાળાની ઋતુ ચાલુ છે અને ગરમીનું પ્રમાણ પણ ખૂબ વધારે છે ત્યારે સૌ વિદ્યાર્થીઓએ ગરમીથી બચવા કઈ કઈ બાબતોની કાળજી રાખવી જોઈએ તેની જાણકારી આપી શાળા કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ આકાશમાં ઉડતા અબોલ પક્ષીઓને પીવાનું પાણી મળી શકે તે માટે દરેક વિદ્યાર્થીઓએ પોતાના આંગણમાં, વાડામાં કે ટેરેસ ઉપર વાસણમાં પાણી ભરીને મૂકવું જોઈએ અને એવી રીતે મૂકવું કે જેથી પાણી ગરમ ન થાય અને પક્ષીઓ ઠંડુ પાણી પી શકે. કૉલેજના ઉપાચાર્યશ્રી વસંતભાઈ ગામીત, પ્રા. ડૉ. દયારામભાઈ મહાલે, પ્રા. દક્ષાબેન ટંડેલ, પ્રા. રંજનબેન રાણાએ પ્રસંગોચીત ઉદબોધન કરી અભ્યાસના સમયગાળા દરમ્યાન અને ત્યાર પછી પણ આપણે સેવાકીય પ્રવૃત્તિઓ ચાલુ જ રાખવી જોઈએ તથા અબોલ પશુ પક્ષીઓને પીવાના પાણીની સુવિધા મળી શકે તે માટે સ્વયંભૂ પ્રયત્નો કરી પોતપોતાના વિસ્તારમાં પણ આવી સેવાકીય પ્રવૃતિનો પ્રચાર અને પ્રસાર થાય તેવા પ્રયત્નો કરવા વિનંતી કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આભારવિધિ કૉલેજના સીનીયર પ્રોગ્રામ ઓફિસર પ્રા. એસ.આર.ચૌધરીએ કરી હતી.

## વિશ્વવિદ્યાલય મધ્યસ્થ ગ્રંથાલય

### Footfall : Dt. 01-05-2025 to 31-05-2025

| Detail | Description | May-2025 | |
|---|---|---|---|
| User | Visitors | 606 | |
| | Internet Lab User | 1 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 0 | |
| | UG/PG Students | 0 | |
| | Research Scholars | 28 | |
| | Non Teaching Staff | 0 | |
| | Visitors | 5 | |
| | Online User | 0 | |
| | Total | | 640 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| May-2025 | 127 | 164 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનારઃ ખરાઈ પ્રમાણપત્ર (દિનાંક ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | May-2025 | 11 |

Sources : Ms. Mitali Patel, Jr. Cleark, Circulation Section.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | May-2025 | 12 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | May-2025 | 11 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Chief Editor: Dr. Gaurang D. Rami**
Professor & Head, Department of Economics, Veer Narmad South Gujarat University, Surat.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. Rameshdan C. Gadhvi**
The Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Universirty Central Library, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, વિશ્વવિદ્યાલય ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in